અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-3

## - : પ્રકાશક : -


હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬



… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

- ➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.
- ➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

[hajinajitrust@gmail.com](mailto:hajinajitrust@gmail.com)

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૨ | સૂર-એ-બકરહ<br>(આયત ૨૫૩ થી ૨૮૬) | ૪ |
| ૩ | સૂર-એ-આલે ઈમરાન<br>(આયત ૧ થી ૯૧) | ૪૬ |

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ مِنْهُمْ مَّنْ كَلَّمَ
اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ؕ وَاٰتَيْنَا عِيْسَى ابْنَ مَرْيَمَ
الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلَ
الَّذِيْنَ مِنْ بَعْدِهِمْ مِّنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ
اخْتَلَفُوْا فَمِنْهُمْ مَّنْ اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا
اقْتَتَلُوْا ۗ وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ۚ ﴿۲۵۳﴾

(૨૫૩) આ રસૂલોમાંથી અમોએ કેટલાકોને કેટલાકો ઉપર શ્રેષ્ઠતા આપી છે; તેઓમાંથી એવા પણ છે જેમની સાથે અલ્લાહે વાતચીત કરી છે

તથા તેઓ માંહેના કેટલાકોના દરજ્જા વધાર્યા છે; અને મરિયમના પુત્ર ઈસાને અમોએ ખુલ્લા મોઅજિઝા આપ્યા તથા રૂહુલકુદૂસ (જીબ્રઈલ) દ્વારા તેને સબળ બનાવ્યો; અને જો અલ્લાહને મંજુર હતે તો તે (પયગમ્બરો)ના પછીના લોકો તેમની પાસે ખુલ્લી નિશાનીઓ આવી ચૂકયા બાદ માંહોમાંહે લડી મરતે નહિ, પરંતુ તેમણે મતભેદ કર્યો, પછી તેઓમાંથી કોઈ ઈમાન લાવ્યો અને તેઓમાંથી કોઈએ ઈન્કાર કર્યો; અને જો અલ્લાહ ચાહતે તો તેઓ માંહોમાંહે લડતે નહિ; પરંતુ અલ્લાહ જે ધારે છે તે કરે છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِمَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ ؕ وَالْكٰفِرُوْنَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۲۵۴﴾

(૨૫૪) અય ઈમાન લાવનારાઓ ! અમોએ તમને જે કાંઈ આપ્યું છે તેમાંથી તે દિવસ આવી પહોંચે તે પહેલાં (અમારી રાહમાં કાંઈક) ખરચ કરો કે જે (દિવસ)માં ન તો લેવડ દેવડ હશે ન મિત્રાચારી અને ન ભલામણ; અને ઈન્કાર કરનારાઓ પોતે જ ઝુલમગાર છે.

اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗۤ

اِلَّا بِاِذۡنِهٖ‌ؕ يَعۡلَمُ مَا بَيۡنَ اَيۡدِيۡهِمۡ وَمَا خَلۡفَهُمۡ‌ۚ وَلَا
يُحِيۡطُوۡنَ بِشَىۡءٍ مِّنۡ عِلۡمِهٖۤ اِلَّا بِمَا شَآءَ‌ۚ وَسِعَ كُرۡسِيُّهُ
السَّمٰوٰتِ وَالۡاَرۡضَ‌ۚ وَلَا يَـُٔوۡدُهٗ حِفۡظُهُمَا ‌ۚ وَهُوَ الۡعَلِىُّ
الۡعَظِيۡمُ ﴿۲۵۵﴾

(૨૫૫) અલ્લાહ તે છે કે જેના સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી, તે હંમેશ જીવંત (અને) સ્વબળથી કાયમ રહેલો છે, ન તેને ઝોંકુ આવે છે અને ન ઊંઘ; જે કાંઈ આસમાનોમાં અને જે કાંઈ જમીનમાં છે તે (સઘળું) તેનું જ છે; કોણ એવો છે જે તેની આજ્ઞા વિના તેની હજૂરમાં (કોઈના માટે) ભલામણ કરી શકે; તે તે (લોકો)ના ભવિષ્ય તથા ભૂતકાળની

હકીકત જાણે છે, અને તેઓ તેના જ્ઞાનમાંના રજકણ બરાબર (જ્ઞાન)ની પણ હદ બાંધી શકતા નથી, સિવાય તેના કે જેટલું તે ચાહે, તેનું રાજ્યાસન આકાશો અને જમીનમાં ફેલાએલું છે, અને એ બંનેનું રક્ષણ તેને (જરાય) બોજારૂપ લાગતું નથી, અને તે ઉચ્ચ મોભા (અને) બુઝુર્ગીવાળો છે.

لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ ۙۗ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَنْ يَّكْفُرْ
بِالطَّاغُوْتِ وَيُؤْمِنْۢ بِاللّٰهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۗ
لَا انْفِصَامَ لَهَا ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۲۵۶﴾

(૨૫૬) ધર્મમાં કોઈ જાતની જબરદસ્તી નથી, ખરેજ હિદાયત (સન્માર્ગ) ગુમરાહી (કુમાર્ગ)થી જુદી (જાહેર) થઈ ચૂકી છે, પછી જે કોઈ જુઠા ખુદાઓ (બુતો)નો ઈન્કાર કરે અને અલ્લાહ પર ઈમાન લાવે તો ખચીતજ તેણે અલ્લાહની મજબૂત રસ્સીને પકડી લીધી, કે જે કદી તૂટનાર નથી; અને અલ્લાહ સંપૂર્ણ સાંભળનાર (તથા) જાણનાર છે.

اَللّٰهُ وَلِيُّ الَّذِيْنَ اٰمَنُوْا ۙ يُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۬ۗ وَالَّذِيْنَ كَفَرُوْٓا اَوْلِيٰٓـُٔهُمُ الطَّاغُوْتُ ۙ يُخْرِجُوْنَهُمْ مِّنَ النُّوْرِ اِلَى الظُّلُمٰتِ ؕ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٥٧﴾

(૨૫૭) જે લોકો ઈમાન લાવ્યા અલ્લાહ તેમનો હિમાયતી છે, તે તેમને (ગુમરાહીના) અંધકારમાંથી કાઢી (હિદાયતના) પ્રકાશમાં લઈ આવે છે; અને જેઓએ (સત્ય ધર્મનો) ઈન્કાર કર્યો તેમના હિમાયતી શેતાનો છે જે તેમને (ઈમાનના) પ્રકાશમાંથી કાઢી (અધર્મનો) અંધકારમાં લઈ જાય છે; આ (લોકો) જ આગના રહેવાસી છે, જેમાં તેઓ હંમેશને માટે રહેનાર છે.

اَلَمْ تَرَ اِلَى الَّذِىْ حَآجَّ اِبْرٰهٖمَ فِىْ رَبِّهٖٓ اَنْ اٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ ۘ اِذْ
قَالَ اِبْرٰهٖمُ رَبِّىَ الَّذِىْ يُحْىٖ وَيُمِيْتُ ۙ قَالَ اَنَا اُحْىٖ وَاُمِيْتُ ؕ
قَالَ اِبْرٰهٖمُ فَاِنَّ اللّٰهَ يَاْتِىْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ فَاْتِ بِهَا

مِنَ الْمَغْرِبِ فَبُهِتَ الَّذِىْ كَفَرَ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۲۵۸﴾ۚ

(૨૫૮) (અય રસૂલ !) શું તે (નમરૂદ)ની સ્થિતિ પર નજર નથી નાખી જેણે ઈબ્રાહીમ સાથે તેના પરવરદિગાર સબંધી દુરાગ્રહ કર્યો એટલા માટે કે તે (નમરૂદને) અલ્લાહે સલ્તનત આપી હતી. જયારે ઈબ્રાહીમે કહ્યું કે મારો પરવરદિગાર તે છે જે જીવાડે છે અને મારે (પણ) છે (ત્યારે) તેણે કહ્યું કે હું પણ જીવાડુ છું અને મારૂં છું; (પછી) ઈબ્રાહીમે કહ્યું કે નિસંશય અલ્લાહ સૂયર્નેં પૂર્વ બાજુએથી ઉગાડે છે (તો) તું તેને પશ્ચિમ બાજુએથી ઉગાડ,

આથી તે નાસ્તિક ગૂંચવાડામાં પડયો; અને અલ્લાહ ઝુલમગાર લોકોને માર્ગ દેખાડતો નથી.

اَوۡ كَالَّذِىۡ مَرَّ عَلٰى قَرۡيَةٍ وَّهِىَ خَاوِيَةٌ عَلٰى عُرُوۡشِهَا ۚ قَالَ اَنّٰى
يُحۡىٖ هٰذِهِ اللّٰهُ بَعۡدَ مَوۡتِهَا ۚ فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ عَامٍ ثُمَّ بَعَثَهٗ ؕ
قَالَ كَمۡ لَبِثۡتَ ؕ قَالَ لَبِثۡتُ يَوۡمًا اَوۡ بَعۡضَ يَوۡمٍ ؕ قَالَ بَلۡ
لَّبِثۡتَ مِائَةَ عَامٍ فَانۡظُرۡ اِلٰى طَعَامِكَ وَشَرَابِكَ لَمۡ يَتَسَنَّهۡ ۚ
وَانۡظُرۡ اِلٰى حِمَارِكَ وَلِنَجۡعَلَكَ اٰيَةً لِّلنَّاسِ وَانۡظُرۡ اِلَى الۡعِظَامِ
كَيۡفَ نُنۡشِزُهَا ثُمَّ نَكۡسُوۡهَا لَحۡمًا ؕ فَلَمَّا تَبَيَّنَ لَهٗ ۙ قَالَ
اَعۡلَمُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۲۵۹﴾

(૨૫૯) અથવા (અય રસૂલ!) તે (ઓઝૈર નબીના જેવા શખ્સની સ્થિતિ) પર (નજર નાખી નથી) જે એક વસ્તી પાસેથી પસાર થયો જે પોતાના છાપરાંઓ પર ઊંધી વળી ગઈ હતી, (તે જોઈને) તે કહેવા લાગ્યો કે અલ્લાહ આ વસ્તીના નાશ (પામ્યા) પછી તેને પાછી કેવી રીતે સજીવન કરશે ? આથી અલ્લાહે તેને સો વર્ષ માટે મૃત્યુ આપ્યું પછી તેને સજીવન કર્યો; (પછી) પૂછયું કે તું (આ સ્થિતિમાં) કેટલી મુદ્દત રહ્યો? જવાબ આપ્યો કે એક દિવસ અથવા એક દિવસથી (પણ) ઓછું રહ્યો; (અલ્લાહે) ફરમાવ્યું (નહિ), બલ્કે તું સો વર્ષ સુધી રહ્યો હવે તારા ખોરાક તથા પાણી તરફ

નજર કર, વર્ષો વીત્યાં છતાં તેમની સ્થિતી બદલાઈ નથી; અને તારા ગધેડા તરફ (પણ) જો; અને (અમે ઈચ્છીએ છીએ કે) તને લોકો માટે એક નિશાની બનાવીએ, અને તે (ગધેડા)ના હાડકાં તરફ જો કે અમે તેમને કેવી રીતે (પાછા) જોડી દઈએ છીએ, પછી (કેવી રીતે) તેના ઉપર માંસ ચઢાવીએ છીએ; સારાંશ કે જયારે તેની સામે આ વાત સ્પષ્ટ થઈ ગઈ, ત્યારે તે કહેવા લાગ્યો કે હું જાણું છું કે ખરે જ અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَاِذۡ قَالَ اِبۡرٰهٖمُ رَبِّ اَرِنِىۡ كَيۡفَ تُحۡىِ الۡمَوۡتٰى ؕ قَالَ اَوَلَمۡ
تُؤۡمِنۡ ؕ قَالَ بَلٰى وَلٰـكِنۡ لِّيَطۡمَٮِٕنَّ قَلۡبِىۡ ؕ قَالَ فَخُذۡ اَرۡبَعَةً مِّنَ

الطَّيْرِ فَصُرْهُنَّ اِلَيْكَ ثُمَّ اجْعَلْ عَلٰى كُلِّ جَبَلٍ مِّنْهُنَّ جُزْءًا

ثُمَّ ادْعُهُنَّ يَاْتِيْنَكَ سَعْيًا ۚ وَاعْلَمْ اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ۝٢٦٠

(૨૬૦) અને (અય રસૂલ! તે સમયને યાદ કર) જયારે ઈબ્રાહીમે અરજ કરી કે અય મારા પરવરદિગાર ! તું મરેલાઓને કેવી રીતે સજીવન કરે છે તે મને દેખાડ; ફરમાવ્યું શું તને વિશ્વાસ નથી? અરજ કરી, હા (મને વિશ્વાસ છે) પણ એટલા માટે (દેખાડી દે) કે મારા મનનું સમાધાન થઈ જાય; ફરમાવ્યું ત્યારે પક્ષીઓમાંથી ચાર (પક્ષીઓ) લે, પછી તેમને તારા ઉપર હેવાયલા કરી લે (પછી તેમના કટકે કટકા કરી) જુદા જુદા પહાડ ઉપર તેમનામાંથી એકેક કટકો મૂક પછી તેમને બોલાવ

તેઓ તરત જ તારી પાસે દોડતા આવશે; અને આ સમજી લે કે ખરે જ અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۶۱﴾

(૨૬૧) તે (લોકો)નો દાખલો કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે એક દાણાના દાખલા જેવો છે કે જેમાંથી સાત ડુંડા નિકળે છે કે (જેના) ડુંડા (કણસલાં)માં સો દાણા હોય છે; અને

અલ્લાહ જેના માટે ચાહે છે બમણા ચોગણા કરી દે છે; અને અલ્લાહ સર્વવ્યાપી (અને) સર્વજ્ઞ છે.

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَآ
اَنْفَقُوْا مَنًّا وَّلَآ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٦٢﴾

(૨૬૨) જે લોકો પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે પછી જે ખરચ્યું છે તેનો ઉપકાર ચઢાવતા નથી તેમ (દાન સ્વીકારનારને) કાંઈ ઈજા (પણ) પહોંચાડતા નથી, તેમના માટે તેમના પરવરદિગાર પાસે (સુંદર) બદલો છે, અને તેમને ન તો કોઈ ભય રહેશે અને ન તો ઉદાસ થશે.

قَوۡلٌ مَّعۡرُوۡفٌ وَّمَغۡفِرَةٌ خَيۡرٌ مِّنۡ صَدَقَةٍ يَّتۡبَعُهَاۤ اَذًى ‌ؕ وَاللّٰهُ

غَنِىٌّ حَلِيۡمٌ‏ ﴿۲۶۳﴾

(૨૬૩) માયાળુ શબ્દો અને ક્ષમાવૃતિ એવા એક દાન કરતાં બહેતર છે કે જે (દાન)ની પાછળ ઈજા હોય; અને અલ્લાહ બેપરવાહ (અને) સહનશીલ છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُبۡطِلُوۡا صَدَقٰتِكُمۡ بِالۡمَنِّ وَالۡاَذٰى ۙ

كَالَّذِىۡ يُنۡفِقُ مَالَهٗ رِئَآءَ النَّاسِ وَلَا يُؤۡمِنُ بِاللّٰهِ وَالۡيَوۡمِ

الۡاٰخِرِ‌ ؕ فَمَثَلُهٗ كَمَثَلِ صَفۡوَانٍ عَلَيۡهِ تُرَابٌ فَاَصَابَهٗ وَابِلٌ

فَتَرَكَهٗ صَلۡدًا ‌ؕ لَا يَقۡدِرُوۡنَ عَلٰى شَىۡءٍ مِّمَّا كَسَبُوۡا ‌ؕ وَاللّٰهُ لَا

يَهۡدِى الۡقَوۡمَ الۡكٰفِرِيۡنَ‏ ﴿۲۶۴﴾

(૨૬૪) અય ઈમાન લાવનારાઓ! તમે તમારા સદકા (દાન-ધર્મ) ને ઉપકાર ચઢાવીને કે (લેનારને) ઈજા (માનહાની) પહોંચાડીને વ્યર્થ કરો નહિ, તેની જેમ કે જે પોતાની દોલત લોકોને દેખાડવા કાજે (દાનમાં) ખર્ચે છે અને અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખતો નથી; જેથી તેનો દાખલો એક લીસા પત્થરની શીલા જેવો છે કે જેના ઉપર માટી (ચઢી ગઈ) હોય, પછી તેના ઉપર ધોધમાર વર્ષા થાય અને તેને સફાચટ (કરી) છોડી જાય; એવી રીતે તેઓએ જે કાંઈ કમાવ્યું છે તેના કોઈ પણ ભાગ ઉપર (તેઓ) સત્તા

ધરાવતા નથી; અને અલ્લાહ નાસ્તિકોનાં ટોળાને (કદીપણ) સન્માર્ગ દેખાડતો નથી.

وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ

وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۭ بِرَبْوَةٍ اَصَابَهَا وَابِلٌ

فَاٰتَتْ اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَاللّٰهُ

بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٢٦٥﴾

(૨૬૫) અને તે લોકોનો દાખલો કે જેઓ પોતાનો માલ (કેવળ) અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે અને પોતાના દિલોને મજબૂત બનાવવા માટે ખર્ચ કરે છે. એક (એવા હર્યા ભર્યા) બગીચાના જેવો છે. કે જે ઊંચાણમાં હોય અને તેના પર ધોધમાર

વરસાદ વરસે પછી તે બમણાં ફળ આપે. પછી જો તેના પર જોરથી વૃષ્ટિ ન થાય તો ઝરમર વર્ષા પુરતી છે; અને જે તમે કરો છો તે અલ્લાહ નિહાળે છે.

اَيَوَدُّ اَحَدُكُمۡ اَنۡ تَكُوۡنَ لَهٗ جَنَّةٌ مِّنۡ نَّخِيۡلٍ وَّاَعۡنَابٍ تَجۡرِىۡ
مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ۙ لَهٗ فِيۡهَا مِنۡ كُلِّ الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الۡكِبَرُ
وَلَهٗ ذُرِّيَّةٌ ضُعَفَآءُ ۖۚ فَاَصَابَهَاۤ اِعۡصَارٌ فِيۡهِ نَارٌ فَاحۡتَرَقَتۡ ؕ
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَـكُمُ الۡاٰيٰتِ لَعَلَّكُمۡ تَتَفَكَّرُوۡنَ ﴿٢٦٦﴾

(૨૬૬) શું તમારાંથી કોઈપણ આ પસંદ કરશે કે તેના (માટે) ખજૂર તથા દ્રાક્ષનો અકેકો (એક-એક) બગીચો હોય (કે) જેની હેઠળ નદીઓ વહેતી હોય,

જેમાં તેના માટે દરેક પ્રકારના ફળ (ફળાદિ) હોય, અને તેને ઘડપણ આવી ગયું હોય અને તેની સંતતિ કમજોર હોય, પછી એકાએક તે (બગીચા)માં એક વાવાઝોડું આવી પડે જેમાં આગ (પણ) હોય કે જેનાથી તે (બગીચો) બળી (ભસ્મ) થઈ જાય; આવી રીતે અલ્લાહ (પોતાની) આયતો તમારા (લાભ) માટે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તમે મનન કરો.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ ۠ وَلَا تَيَمَّمُوا الْخَبِيْثَ مِنْهُ

تُنۡفِقُوۡنَ وَلَسۡتُمۡ بِاٰخِذِيۡهِ اِلَّاۤ اَنۡ تُغۡمِضُوۡا فِيۡهِ‌ؕ وَاعۡلَمُوۡۤا اَنَّ
اللّٰهَ غَنِىٌّ حَمِيۡدٌ ﴿۲۶۷﴾

(૨૬૭) અય ઈમાન લાવનારાઓ ! તમોએ જે કાંઈ નેક કમાણી કરી છે તથા અમોએ તમારા માટે જમીનમાં (જે) કાંઈ ઉત્પન્ન કર્યું છે તેમાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો, અને તેમાંથી એવી ખરાબ વસ્તુ કે જે (તમારા ઉપયોગમાં) આંખ મીંચામણાં કર્યા વગર તમે પોતે લ્યો નહિ તેવી વસ્તુ દાનમાં આપવાનો વિચાર (સરખોય) કરશો નહિ; અને આ સમજી લો કે ખરેજ અલ્લાહ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَأْمُرُكُمْ بِالْفَحْشَآءِ ۚ وَاللّٰهُ يَعِدُكُمْ
مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ۖۚ ﴿۲۶۸﴾

(૨૬૮) શેતાન તમને (દાન આપવાથી) ગરીબ થઈ જશો એમ (કહીને) બીવરાવે છે. અને નિર્લજ્જપણે (એટલે કંજૂસાઈથી) વર્તવાની આજ્ઞા કરે છે, અને અલ્લાહ પોતાના તરફથી ક્ષમા અને ભરપુર રોજીનો વાયદો કરે છે; અને અલ્લાહ સર્વવ્યાપી (અને) સર્વજ્ઞ છે.

يُّؤْتِى الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِىَ خَيْرًا
كَثِيْرًا ؕ وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿۲۶۹﴾

(૨૬૯) તે જેને ચાહે છે હિકમત (સદબુદ્ધિ) આપે છે, અને જેને (અલ્લાહના તરફથી) હિકમત આપવામાં આવી તો ખરેજ તેને ખૂબીઓની મહાન દોલત આપવામાં આવી; અને બુદ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધ ગ્રહણ કરતું નથી.

وَمَآ اَنۡفَقۡتُمۡ مِّنۡ نَّفَقَةٍ اَوۡ نَذَرۡتُمۡ مِّنۡ نَّذۡرٍ فَاِنَّ اللّٰهَ يَعۡلَمُهٗ ؕ
وَمَا لِلظّٰلِمِيۡنَ مِنۡ اَنۡصَارٍ ۝٢٧٠

(૨૭૦) અને તમોએ (અલ્લાહના માર્ગમાં) જે દાન આપ્યું અથવા જે કાંઈ (પણ) માનતા તમોએ માની તો બેશક અલ્લાહ તે જાણે છે; અને ઝાલિમોનો કોઈ મદદગાર નથી.

اِنۡ تُبۡدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِىَ‌ۚ وَاِنۡ تُخۡفُوۡهَا وَتُؤۡتُوۡهَا

الۡفُقَرَآءَ فَهُوَ خَيۡرٌ لَّـكُمۡ‌ؕ وَيُكَفِّرُ عَنۡكُمۡ مِّنۡ سَيِّاٰتِكُمۡ‌ؕ وَاللّٰهُ

بِمَا تَعۡمَلُوۡنَ خَبِيۡرٌ‏ ﴿۲۷۱﴾

(૨૭૧) જો તમે (તમારા) સદકા ખુલ્લી રીતે આપો તો તે સારૂં છે, અને જો તમે છુપું રાખીને મોહતાજોને આપો તો તે તમારા હકમાં બેહતર છે; અને તે (છુપી રીતે આપવું) તમારા કેટલાક ગુનાહોનું નિવારણ કરી દેશે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

لَيۡسَ عَلَيۡكَ هُدٰٮهُمۡ وَلٰـكِنَّ اللّٰهَ يَهۡدِىۡ مَنۡ يَّشَآءُ‌ؕ وَمَا

تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ فَلِاَنۡفُسِكُمۡ‌ؕ وَمَا تُنۡفِقُوۡنَ اِلَّا ابۡتِغَآءَ وَجۡهِ

اللّٰهِ ؕ وَمَا تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ يُّوَفَّ اِلَيۡكُمۡ وَاَنۡتُمۡ لَا تُظۡلَمُوۡنَ﴿۲۷۲﴾

(૨૭૨) (અય રસૂલ) તેમને સન્માર્ગે ચઢાવવું તારા માથે નથી પણ અલ્લાહ જેને ચાહે છે તેને સન્માર્ગે પહોંચાડી દે છે; અને તમે જે કાંઈ દાનમાં વાપરો તે તમારા પોતાનાજ (લાભ) માટે છે; અને તે (દાન કેવળ) અલ્લાહની ખુશી સંપાદન કરવા સિવાય બીજા કોઈ હેતુસર કરો નહિ; અને તમારા માલમાંથી જે કાંઈ પણ તમે દાનમાં વાપરશો તેનો પૂરેપૂરો બદલો તમને આપવામાં આવશે અને તમને જરાપણ અન્યાય કરવામાં આવશે નહિ.

لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَطِيْعُوْنَ ضَرْبًا
فِي الْاَرْضِ ۫ يَحْسَبُهُمُ الْجَاهِلُ اَغْنِيَآءَ مِنَ التَّعَفُّفِ ۚ
تَعْرِفُهُمْ بِسِيْمٰهُمْ ۚ لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا ؕ وَمَا تُنْفِقُوْا
مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ﴿۲۷۳﴾

(૨૭૩) આ ખયરાત એવા મોહતાજોનો હક છે કે જેઓ અલ્લાહના માર્ગમાં ઘેરાઈ ગયા હોય અને કોઈપણ રીતે પૃથ્વી પર (રોજી મેળવવાને) જઈ શકતા ન હોય; અજ્ઞાની માણસો તેમને તેમના સ્વમાનના કારણે (સવાલ ન કરતા હોવાથી) શ્રીમંત ધારે છે, (પણ) તું તેમની મુખમુદ્રા પરથી તેમને ઓળખી કાઢશે (કે ખરેખર તેઓ મોહતાજ

છે), તેઓ લોકો પાસે કરગરીને સવાલ કરતા નથી; અને તમારા માલમાંથી જે કાંઈ ખર્ચ કરશો તે બેશક અલ્લાહ તેનાથી વાકેફ છે.

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ سِرًّا وَّعَلَانِيَةً
فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ
يَحْزَنُوْنَ ﴿٢٧٤﴾

(૨૭૪) જે લોકો રાત દિવસ પોતાનો માલ છૂપી રીતે અને ખુલ્લી રીતે (અલ્લાહના માર્ગમાં) વાપર્યા કરે છે, તેનો બદલો તેમના પરવરદિગાર પાસે તેમને (પ્રાપ્ત) થશે અને તેમને (કયામતમાં)

ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

اَلَّذِيْنَ يَاْكُلُوْنَ الرِّبٰوا لَا يَقُوْمُوْنَ اِلَّا كَمَا يَقُوْمُ الَّذِىْ يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْٓا اِنَّمَا الْبَيْعُ مِثْلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوا ؕ فَمَنْ جَآءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى فَلَهٗ مَا سَلَفَ ؕ وَاَمْرُهٗٓ اِلَى اللّٰهِ ؕ وَمَنْ عَادَ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٧٥﴾

(૨૭૫) જે લોકો રિબાઅ (વ્યાજ) ખાય છે તેઓ (કબરમાંથી નીકળી) ઉભા થશે નહિ પણ તેની જેમ કે જેને શેતાને અડકીને પાગલ કરી નાખ્યો હોય; આ (શિક્ષા) એ માટે કે તેઓ કહેતા હતા કે વેપારના મામલા પણ રિબાઅના જેવાજ છે; જોકે

ખરી રીતે તો અલ્લાહે વેપારને હલાલ કર્યો છે અને રિબાઅને હરામ ઠરાવ્યો છે; માટે જે શખ્સ પાસે તેના પરવરદિગાર તરફથી નસીહત આવી અને તે (રિબાઅ ખાતાં) અટકી ગયો તો જે કાંઈ (આ) પહેલાં થઈ ગયું છે તે માટે દરગુજર કરવામાં આવશે; અને તેનો મામલો અલ્લાહને હસ્તક છે; અને જેણે ફરીથી એવું જ કર્યું (તો) તેઓજ આગના રહેવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ રહેનાર છે.

يَمۡحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرۡبِى الصَّدَقٰتِ‌ؕ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيۡمٍ ﴿۲۷۶﴾

(૨૭૬) અલ્લાહ રિબાઅને નાબૂદ કરી દે છે અને ખેરાતને વધારી દે છે; અને અલ્લાહ કોઈપણ અનુપકારી ગુનેહગારને દોસ્ત રાખતો નથી.

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٧٧﴾

(૨૭૭) બેશક જે લોકો ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યાં તથા નમાઝ પઢી અને ઝકાત આપી તેમના માટે તેનો બદલો તેમના પરવરદિગાર પાસે હશે, અને તેમને ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوا اِنْ
كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٧٨﴾

(૨૭૮) અય ઈમાન લાવનારાઓ ! જો તમે મોઅમીન હો તો અલ્લાહથી ડરીને ચાલો અને રિબાઅમાંથી બાકી રહેલું છોડી દો.

فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ ۚ وَاِنْ تُبْتُمْ
فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ ۚ لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ ﴿٢٧٩﴾

(૨૭૯) પછી જો તમે તેમ ન કરો તો અલ્લાહ તથા તેના રસૂલ સાથે લડવા તૈયાર થઈ જાઓ, અને જો તમે તૌબા કરી લો તો તમને તમારી મૂળ

રકમ મળશે, ન તમે અન્યાય કરો ન તમારા પર અન્યાય કરવામાં આવે.

وَاِنْ كَانَ ذُوْ عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ ؕ وَاَنْ تَصَدَّقُوْا خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۲۸۰﴾

(૨૮૦) અને જો તે (દેવાદાર) તંગદસ્ત હોય તો (તેનો) સારો સમય (આવે ત્યાં) સુધીની મોહલત આપવી; અને જો તમે (અસલ લેણું પણ) દાન તરીકે જતું કરો તો તે તમારા માટે વધુ સારૂં છે અગર તમે જાણતા હો તો.

وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ فِيْهِ اِلَى اللّٰهِ ۗ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۲۸۱﴾

(૨૮૧) અને તે દિવસથી ડરો કે જે દિવસે અલ્લાહની હજૂરમાં તમો પાછા ફેરવવામાં આવશો; પછી દરેક જણને તેની કમાણીનો પૂરેપુરો બદલો મળશે અને તેમના ઉપર અન્યાય કરવામાં આવશે નહિ.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى
فَاكْتُبُوْهُ ؕ وَلْيَكْتُبْ بَّيْنَكُمْ كَاتِبٌۢ بِالْعَدْلِ ۖ وَلَا يَاْبَ
كَاتِبٌ اَنْ يَّكْتُبَ كَمَا عَلَّمَهُ اللّٰهُ فَلْيَكْتُبْ ۚ وَلْيُمْلِلِ الَّذِىْ
عَلَيْهِ الْحَقُّ وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ وَلَا يَبْخَسْ مِنْهُ شَيْـئًا ؕ فَاِنْ كَانَ
الَّذِىْ عَلَيْهِ الْحَقُّ سَفِيْهًا اَوْ ضَعِيْفًا اَوْ لَا يَسْتَطِيْعُ اَنْ يُّمِلَّ

هُوَ فَلْيُمْلِلْ وَلِيُّهٗ بِالْعَدْلِ ؕ وَاسْتَشْهِدُوْا شَهِيْدَيْنِ مِنْ
رِّجَالِكُمْ ۚ فَاِنْ لَّمْ يَكُوْنَا رَجُلَيْنِ فَرَجُلٌ وَّامْرَاَتٰنِ مِمَّنْ
تَرْضَوْنَ مِنَ الشُّهَدَآءِ اَنْ تَضِلَّ اِحْدٰىهُمَا فَتُذَكِّرَ اِحْدٰىهُمَا
الْاُخْرٰى ؕ وَلَا يَاْبَ الشُّهَدَآءُ اِذَا مَا دُعُوْا ؕ وَلَا تَسْـَٔمُوْٓا اَنْ
تَكْتُبُوْهُ صَغِيْرًا اَوْ كَبِيْرًا اِلٰٓى اَجَلِهٖ ؕ ذٰلِكُمْ اَقْسَطُ عِنْدَ اللّٰهِ
وَاَقْوَمُ لِلشَّهَادَةِ وَاَدْنٰٓى اَلَّا تَرْتَابُوْٓا اِلَّآ اَنْ تَكُوْنَ تِجَارَةً
حَاضِرَةً تُدِيْرُوْنَهَا بَيْنَكُمْ فَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَلَّا
تَكْتُبُوْهَا ؕ وَاَشْهِدُوْٓا اِذَا تَبَايَعْتُمْ ۪ وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا

شَهِيْدٌ ۬ؕ وَاِنْ تَفْعَلُوْا فَاِنَّهٗ فُسُوْقٌۢ بِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ
وَيُعَلِّمُكُمُ اللّٰهُ ؕ وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿۲۸۲﴾

(૨૮૨) અય ઈમાન લાવનારાઓ! જ્યારે તમે કોઈ ઠરાવેલી મુદ્દત માટે પરસ્પર કરજની લેવડદેવડ કરો તો તે લખી લ્યો; અને એક લખનાર તમારી વચ્ચે ન્યાયસર લખે, અને લખનાર લખવા માટે ઈન્કાર કરે નહિ બલ્કે જેવી રીતે અલ્લાહે તેને શીખવ્યું છે તેવીજ રીતે લખી નાખે, અને જે કરજ લેનાર હોય તે લખાવતો જાય અને તેની માટે જરૂરી છે કે અલ્લાહથી ડરીને લખાવે અને કરજ આપનારનો કોઈ હક ઓછો કરે નહિ; પછી જો તે કરજ લેનાર કમઅક્કલ અથવા કમજોર હોય અને

તે લખાવી શકતો ન હોય તો તેનો વાલી ન્યાયસર લખાવે; અને તમારામાંથી બે પુરૂષોને સાક્ષી રાખો, પછી જો બે પુરૂષો (હાજર) ન હોય તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ જે તમે સાક્ષી માટે પસંદ કરો તેને સાક્ષી બનાવો કે જેથી તે માંહેની એક ભૂલી જાય તો બીજી તેને યાદ દેવડાવે; અને (જયારે) તે સાક્ષીઓને (હાકેમો સામે સાક્ષી માટે) બોલાવવામાં આવે ત્યારે (હાજર થવાને) તેઓ ઈનકાર કરે નહિ; અને તમે નાના કે મોટા મામલામાં (પણ કરજની) મુદ્દત સુધ્ધાં લખવાને આળસ કરો નહિ; આ અલ્લાહ પાસે વધુ ન્યાયસર છે અને પુરાવા (માટે)ની વધારે સબળ સાબિતી છે

અને આ વાતને વધુમાં વધુ પાસે છે કે તમને (પાછળથી) શંકા ઉત્પન્ન થાય નહિ, સિવાય કે જયારે રોકડ (નાણાની) લેવદેવડ હોય જે તમે માંહોમાંહે કરો તે કદાચને તમે લખો નહિ તો તે માટે તમારા ઉપર કાંઈ દોષ નથી; અને જે વેળા તમે આપસમાં લેવડદેવડ કરો ત્યારે (પણ) સાક્ષીઓ રાખો, અને લખનાર તથા સાક્ષીને કાંઈ હાનિ પહોંચાડવામાં આવે નહિ; અને (છતાંય) જો તમે તેમ કરશો તો નિસંશય તમોએ નાફરમાની કરી કહેવાશે; અને અલ્લાહથી ડરો; અને અલ્લાહ તમને (પોતાની આજ્ઞા) શીખવાડે છે; અને અલ્લાહ દરેક વસ્તુની સંપૂર્ણ જાણ રાખે છે.

وَاِنۡ كُنۡتُمۡ عَلٰى سَفَرٍ وَّلَمۡ تَجِدُوۡا كَاتِبًا فَرِهٰنٌ مَّقۡبُوۡضَةٌ ؕ
فَاِنۡ اَمِنَ بَعۡضُكُمۡ بَعۡضًا فَلۡيُؤَدِّ الَّذِى اؤۡتُمِنَ اَمَانَـتَهٗ وَلۡيَتَّقِ
اللّٰهَ رَبَّهٗ ؕ وَلَا تَكۡتُمُوا الشَّهَادَةَ ؕ وَمَنۡ يَّكۡتُمۡهَا فَاِنَّهٗۤ اٰثِمٌ
قَلۡبُهٗ ؕ وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ عَلِيۡمٌ ﴿۲۸۳﴾

(૨૮૩) અને જો તમે મુસાફરીમાં હો અને કોઈ લખનાર ન મળે તો (કરજ લેનાર પાસે જે વસ્તુ હાજર હોય) તે ગીરવી (રાખી) લેવામાં આવે; પણ જો તમારામાંથી એક (પક્ષ) બીજાને વિશ્વાસપાત્ર સમજે તો જેને વિશ્વાસપાત્ર સમજવામાં આવ્યો હોય તેને જરૂરી છે કે આપનારની અમાનત પાછી સોંપી દે અને અલ્લાહથી કે જે તેનો પરવરદિગાર

છે ડરે; અને તમે પુરાવાને સંતાડો નહિ; અને જે તે (પુરાવા)ને સંતાડશે તેનું અંતઃકરણ નિસંશય ગુનેહગાર છે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِنْ تُبْدُوْا مَا فِيْٓ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ بِهِ اللّٰهُ ؕ فَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۲۸۴﴾

(૨૮૪) જે કાંઈ આકાશોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે અલ્લાહનું જ છે; અને જે કાંઈ તમારા અંતઃકરણોમાં છે તે તમે જાહેર કરો યા સંતાડો (પણ) અલ્લાહ (તો) તેનો હિસાબ તમારી

પાસેથી લેશે; પછી જેને ચાહશે માફ કરી દેશે અને જેને ચાહશે શિક્ષા કરશે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ
بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَ كُتُبِهٖ وَرُسُلِهٖ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ
رُّسُلِهٖ ۚ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۗ غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ
الْمَصِيْرُ ﴿٢٨٥﴾

(૨૮૫) (અમારો) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) તેના પર ઈમાન લાવ્યો છે જે તેના પર પરવરદિગાર તરફથી ઉતારવામાં આવ્યું છે. અને મોઅમીનો (પણ); તેઓ સઘળા અલ્લાહ પર તથા તેના

ફરિશ્તાઓ પર તથા તેની કિતાબો પર તથા તેના રસૂલો પર ઈમાન લાવ્યા છે; (એમ કહીને કે) અમે તેના રસૂલોમાંથી કોઈની વચ્ચે કાંઈ ભેદભાવ રાખતા નથી; અને તેઓ વળી એમ પણ કહે છે કે અમોએ સાંભળ્યું તથા હુકમ માથે ચઢાવ્યો, અય અમારા પરવરદિગાર ! અમે તારીજ ક્ષમા ચાહીએ છીએ અને (અમારૂં) તારીજ તરફ પાછું ફરવાનું છે.

لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا تُؤَاخِذْنَاۤ اِنْ نَّسِيْنَاۤ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَاۤ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا وقفة وَاغْفِرْ

لَنَاۚ وَارْحَمْنَاٚ اَنْتَ مَوْلٰىنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ
الْكٰفِرِيْنَ۝۲۸۶

(૨૮૬) અલ્લાહ કોઈ નફસ (વ્યક્તિ)ને તેના ગજા ઉપરાંત તકલીફ આપતો નથી, તેણે જે સારી કમાઈ કરી છે તેનો (નફો) તેનાજ માટે છે અને જે બૂરી કમાઈ કરી છે તેનો ગેરલાભ પણ તેનાજ માટે છે; અય અમારા પરવરદિગાર ! જો અમે ભૂલી જઈએ અથવા કોઈ ચૂક કરી બેસીએ તો તે માટે અમને પકડજે નહિ, અને અય અમારા પરવરદિગાર ! અમારા પર એવો બોજો નાખજે નહિ જેવો કે અમારી પહેલાં થઈ જનારાઓ પર નાખ્યો હતો, અને અય અમારા પરવરદિગાર !

અને અમારાથી એટલું ન ઊંચકાવ કે જે (ઊંચકવા)ની અમારામાં શક્તિ નથી, અને અમારાથી દરગુજર કર, અને અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું (જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

الٓمّٓ ۙ﴿۱﴾

(૧) અલિફ. લામ. મીમ.

اللّٰہُ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ ۙ الۡحَیُّ الۡقَیُّوۡمُ ؕ﴿۲﴾

(૨) અલ્લાહ તે છે કે જેના સિવાય અન્ય કોઈ પૂજ્ય (બંદગીને લાયક) નથી, તે હંમેશ જીવંત (અને) સ્વબળથી કાયમ રહેલો છે.

نَزَّلَ عَلَيۡكَ الۡكِتٰبَ بِالۡحَقِّ مُصَدِّقًا لِّمَا بَيۡنَ يَدَيۡهِ وَاَنۡزَلَ التَّوۡرٰىةَ وَالۡاِنۡجِيۡلَ ۙ‏ ﴿۳﴾

(3) તેણે તારા ઉપર આ કિતાબ સત્યતાપૂર્વક ઉતારી છે જે તેની પહેલા ઉતરેલી (ઈલાહી) કિતાબોને ટેકો આપે છે અને તેણે તે અગાઉ લોકોની હિદાયત માટે તૌરેત તથા ઈન્જીલ ઉતારી હતી.

مِنۡ قَبۡلُ هُدًى لِّلنَّاسِ وَاَنۡزَلَ الۡفُرۡقَانَ ؕ اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا بِاٰيٰتِ اللّٰهِ لَهُمۡ عَذَابٌ شَدِيۡدٌ ‌ؕ وَاللّٰهُ عَزِيۡزٌ ذُو انۡتِقَامٍ‏ ﴿۴﴾

(૪) અને ફુરકાન (કુરઆન) પણ તેણેજ ઉતાર્યું; બેશક જે લોકો અલ્લાહની નિશાનીઓનો ઈન્કાર

કરે છે તેમના માટે સખ્ત શિક્ષા છે; અને અલ્લાહ જબરદસ્ત બદલો લેનાર છે.

إِنَّ اللّٰهَ لَا يَخْفٰى عَلَيْهِ شَيْءٌ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَآءِ ۝٥

(૫) નિસંશય અલ્લાહ એજ છે કે જેનાથી જમીન તથા આકાશની કોઈપણ વસ્તુ છૂપી નથી.

هُوَ الَّذِىْ يُصَوِّرُكُمْ فِى الْاَرْحَامِ كَيْفَ يَشَآءُ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٦

(૬) એજ તે છે કે જે માના ગર્ભાશયમાં જેવી ચાહે છે તેવી તમારી સુરતો બનાવી દે છે; તે જબરદસ્ત હિકમતવાળા સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી.

هُوَ الَّذِيْٓ اَنْزَلَ عَلَيْكَ الْكِتٰبَ مِنْهُ اٰيٰتٌ مُّحْكَمٰتٌ هُنَّ اُمُّ
الْكِتٰبِ وَاُخَرُ مُتَشٰبِهٰتٌ ؕ فَاَمَّا الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ زَيْغٌ
فَيَتَّبِعُوْنَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَآءَ الْفِتْنَةِ وَابْتِغَآءَ تَاْوِيْلِهٖ ۚ
وَمَا يَعْلَمُ تَاْوِيْلَهٗٓ اِلَّا اللّٰهُ ؕۘ وَالرّٰسِخُوْنَ فِي الْعِلْمِ يَقُوْلُوْنَ
اٰمَنَّا بِهٖ ۙ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا ۚ وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا
الْاَلْبَابِ ۞

(૭) (અય રસૂલ) એજ તે (અલ્લાહ) છે કે જેણે તારા ઉપર આ કિતાબ ઉતારી છે જેની કેટલીક આયતો સાફ (સ્પષ્ટ અને એક અર્થી) છે અને એજ આયતો કિતાબનું મૂળ છે બીજી બહુઅર્થી છે; હવે

જે લોકોના અંતઃકરણોમાં અવળાઈ છે તેઓ તે (કિતાબ)માંની બહુઅર્થી આયતોને અનુસરે છે (અને તે કેવળ) ફિત્નો ફેલાવવાના હેતુથી, અને તેનો અર્થ (પોતાની) ઈચ્છા મુજબ કરવાના હેતુથી, જો કે તેનો (ખરો) અર્થ અલ્લાહના અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવિણ છે અન્ય કોઈ જાણતું નથી; અને તે (પ્રવિણ લોકો) કહે છે કે અમે તેના પર ઈમાન લાવ્યા, દરેક (દાખલા તથા આજ્ઞાઓ) અમારા પરવરદિગાર તરફથી છે, અને બુદ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધ ગ્રહણ કરતા નથી.

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ⑧

(૮) અય અમારા પરવરદિગાર! અમને સન્માર્ગે દોર્યા પછી અમારા અંતઃકરણોને આડે માર્ગે જવા દેજે નહિ અને અમને તારી પાસેથી રહેમત અર્પણ કર, બેશક તું સૌથી મોટો (રહેમત) અર્પણ કરનાર છે.

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۭ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ⑨

(૯) અય અમારા પરવરદિગાર ! નિસંશય તું તે (કયામત)ના દિવસે માણસોને ભેગા કરનાર છે કે

જે (દિવસ)ના વિષે કાંઈજ શંકા નથી (ત્યારે અમારા પર કૃપાદ્રષ્ટિ રાખજે); બેશક અલ્લાહ વચન ભંગ કરતો નથી.

إِنَّ الَّذِينَ كَفَرُوا لَنْ تُغْنِيَ عَنْهُمْ أَمْوَالُهُمْ وَلَا أَوْلَادُهُمْ
مِنَ اللَّهِ شَيْئًا ۖ وَأُولَٰئِكَ هُمْ وَقُودُ النَّارِ ﴿١٠﴾

(૧૦) બેશક જેઓ ઈમાન લાવ્યા નથી તેમની સંપત્તિ તથા સંતતિ તેમને અલ્લાહ (ની શિક્ષા)થી જરાય બચાવી શકશે નહિ અને તેઓ જ જહન્નમનું બળતણ બનશે;

كَدَأْبِ آلِ فِرْعَوْنَ ۙ وَالَّذِينَ مِنْ قَبْلِهِمْ ۚ كَذَّبُوا بِآيَاتِنَا
فَأَخَذَهُمُ اللَّهُ بِذُنُوبِهِمْ ۗ وَاللَّهُ شَدِيدُ الْعِقَابِ ﴿١١﴾

(૧૧) ફિરઔનવાળા તથા તેમની પહેલાઓની જેમ; તેમણે પણ અમારી આયતો જૂઠલાવી હતી, પછી અલ્લાહે તેમના ગુનાહોના બદલે તેમની ધરપકડ કરી; અને અલ્લાહ સખત સજા કરનાર છે.

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ وَتُحْشَرُوْنَ اِلٰى جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمِهَادُ ⑫

(૧૨) (અય રસૂલ) જેઓ ઈમાન લાવ્યા નથી તેઓને કહે કે તરતમાંજ તમે (મુસ્લિમોના મુકાબલામાં) પરાજય પામશો તથા તમે જહન્નમ તરફ હાંકી લઈ જવામાં આવશો; અને તે એક ઘણું જ ખરાબ રહેઠાણ છે.

قَدۡ كَانَ لَكُمۡ اٰيَةٌ فِىۡ فِئَتَيۡنِ الۡتَقَتَا ؕ فِئَةٌ تُقَاتِلُ فِىۡ سَبِيۡلِ
اللّٰهِ وَاُخۡرٰى كَافِرَةٌ يَّرَوۡنَهُمۡ مِّثۡلَيۡهِمۡ رَاۡىَ الۡعَيۡنِ ؕ وَاللّٰهُ يُؤَيِّدُ
بِنَصۡرِهٖ مَنۡ يَّشَآءُ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَعِبۡرَةً لِّاُولِى الۡاَبۡصَارِ ﴿۱۳﴾

(૧૩) ખચીતજ તમારા સમજવા માટે તે બે (વિરોધી) ટોળાના સબંધમાં (કે) જેઓ (જંગે બદરમાં) સામસામા થયા (હતા તેમાં રસૂલની સચ્ચાઈનો) એક મોઅજિઝો હતો; (અર્થાત) એક ટોળું તો અલ્લાહના માર્ગમાં લડતું હતું અને બીજુ ઈન્કાર કરનારૂં હતું કે જેમને દેખતી આંખે તે (મુસલમાનો) પોતાના કરતાં બમણાં જોઈ રહ્યા હતા (પણ અલ્લાહે મુસલમાનોનેજ વિજય

આપ્યો); અને અલ્લાહ પોતાની મદદથી જેને ચાહે છે તેને બળવાન બનાવે છે; બેશક આ (બનાવ)માં (અંતર) ચક્ષુ ધરાવનારાઓ માટે બોધપાઠ છે.

زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ مِنَ النِّسَآءِ وَالْبَنِيْنَ
وَالْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ
الْمُسَوَّمَةِ وَالْاَنْعَامِ وَالْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ
وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ⑭

(૧૪) સ્ત્રીઓ અને બાળકો અને સોના ચાંદીનો ભેગો કરેલો ખજાનો અને ચુનંદા ઘોડા અને ઢોરઢાંખર અને ખેતીવાડી એ (સઘળી વસ્તુઓ)ની ઈચ્છાઓની માયા લોકોની નજરમાં સુશોભિત

બનાવી દેવામાં આવી છે; (જો કે) આ વસ્તુઓ (નાશવંત) જિંદગીના સાધનો છે, અને ઉત્તમ રહેઠાણ તો અલ્લાહનીજ પાસે છે.

قُلْ اَؤُنَبِّئُكُمْ بِخَيْرٍ مِّنْ ذٰلِكُمْ ؕ لِلَّذِيْنَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ
جَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَاَزْوَاجٌ مُّطَهَّرَةٌ
وَّرِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ۝١٥

(૧૫) (અય રસૂલ !) કહે કે શું હું તમને એ કરતાંય વધુ સારી વસ્તુઓની જાણ કરી દઉં? જેમણે પરહેઝગારી ગ્રહણ કરી છે તેમના માટે તેમના પરવરદિગાર પાસે બગીચા છે જેમની હેઠળ નદીઓ વહેતી રહે છે જેમાં તેઓ હંમેશને માટે

રહેનાર છે; (તેમાં) પાક સાફ જોડાં છે અને અલ્લાહની પ્રસન્નતા (પણ) છે અને અલ્લાહ (સર્વ) બંદાઓને નિહાળનાર છે.

اَلَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ۚ﴿١٦﴾

(૧૬) જેઓ કહે છે કે અય અમારા પરવરદિગાર ! બેશક અમે ઈમાન લાવ્યા છીએ માટે અમારા ગુનાહ માફ કરી દે અને અમને જહન્નમની આગના અઝાબથી બચાવી લે.

اَلصّٰبِرِيْنَ وَالصّٰدِقِيْنَ وَالْقٰنِتِيْنَ وَالْمُنْفِقِيْنَ وَالْمُسْتَغْفِرِيْنَ بِالْاَسْحَارِ ﴿١٧﴾

(૧૭) (તેઓ) ધીરજ ધરનારા તથા સત્ય કહેનારા તથા અલ્લાહની આજ્ઞા માનનારા તથા અલ્લાહના માર્ગમાં ખર્ચ કરનારા અને પ્રભાતના સમયે ક્ષમા યાચનારા (છે.)

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ؕ﴿۱۸﴾

(૧૮) અલ્લાહ સાક્ષી આપે છે કે તેના (પોતાના) સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી, અને તે (સર્વ સૃષ્ટિને) ન્યાયથી કાયમ રાખી રહ્યો છે (તેવી જ સાક્ષી) સઘળા ફરિશ્તાઓ તથા જ્ઞાનીઓ (પણ પુરે છે); તે જબરદસ્ત હિકમતવાળા (અલ્લાહ) સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી.

إِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۗ وَمَا اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًاۢ بَيْنَهُمْ ۗ وَمَنْ
يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿١٩﴾

(૧૯) નિસંશય પસંદ કરેલો દીન તો અલ્લાહની પાસે ઈસ્લામ જ છે; અને જેમને (તૌરેત ઈન્જીલ વિગેરે) કિતાબ આપવામાં આવી હતી તેમણે (આ પસંદ કરેલા દીનમાં) મતભેદ કર્યો નહિ પણ તેમણે જ્ઞાન આવી ગયા પછી (અને તે માત્ર) આપસની ઈર્ષાના કારણેજ; અને જે કોઈ અલ્લાહની આયતોનો ઈન્કાર કરશે (તે તે જાણી લે કે) બેશક અલ્લાહ ઝડપી હિસાબ લેનાર છે.

فَاِنۡ حَآجُّوۡكَ فَقُلۡ اَسۡلَمۡتُ وَجۡهِىَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ‌ؕ وَقُلۡ
لِّلَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ وَالۡاُمِّيّٖنَ ءَاَسۡلَمۡتُمۡ‌ؕ فَاِنۡ اَسۡلَمُوۡا
فَقَدِ اهۡتَدَوْا‌ ۚ وَاِنۡ تَوَلَّوۡا فَاِنَّمَا عَلَيۡكَ الۡبَلٰغُ‌ؕ وَاللّٰهُ بَصِيۡرٌۢ
بِالۡعِبَادِ۠﴿۲۰﴾

(૨૦) (અય રસૂલ !) છતાં જો તેઓ તારી સાથે તકરાર કરે તો કહે કે મેં તથા મારા અનુયાયીઓએ અલ્લાહની સામે (તાબેદારીનું) શીશ નમાવી દીધું છે; અને તે લોકોથી કે જેમને કિતાબ આપવામાં આવી છે (તેમને) તથા અભણો (મક્કાવાસીઓ) ને પૂછી લે કે શું તમે પણ ઈમાન લાવ્યા ? પછી જો તેઓ ઈસ્લામ લઈ આવે તો

ખરેજ તેમણે સન્માર્ગ મેળવ્યો, અને જો પાછા ફરે તો તારા શિરે તો માત્ર (અલ્લાહનો) સંદેશો પહોંચાડવાનું છે; અને અલ્લાહ સર્વ બંદાઓને નિહાળનાર છે.

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ حَقٍّ ۙ وَّيَقْتُلُوْنَ الَّذِيْنَ يَاْمُرُوْنَ بِالْقِسْطِ مِنَ النَّاسِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ﴿٢١﴾

(૨૧) નિસંશય જે લોકો અલ્લાહની નિશાનીઓનો ઈન્કાર કરે છે અને નબીઓને નાહક મારી નાખે છે અને માણસોમાંથી તેઓને (પણ) મારી નાખે છે કે જેઓ અદલ ઈન્સાફની આજ્ઞા કરે છે તો તેઓને

(અય રસૂલ! તું) દુ:ખદાયક શિક્ષાની ખુશખબર સંભળાવ.

أُولَٰٓئِكَ الَّذِيْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۫ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٢﴾

(૨૨) તેઓ એજ (હતભાગી લોકો) છે કે જેમના કર્મો આલોક તથા પરલોકમાં વ્યર્થ જશે, અને તેમનો કોઈપણ મદદગાર થશે નહિ.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُدْعَوْنَ اِلٰى كِتٰبِ اللّٰهِ لِيَحْكُمَ بَيْنَهُمْ ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ مِّنْهُمْ وَهُمْ مُّعْرِضُوْنَ ﴿٢٣﴾

(૨૩) (અય રસૂલ!) શું તું તે લોકો (યહૂદી આલિમો)ને નથી જોયાં કે જેમને (અલ્લાહની) કિતાબનો થોડોક ભાગ આપવામાં આવ્યો છે? જ્યારે તેમને અલ્લાહની કિતાબ (તૌરેત) તરફ બોલાવવામાં આવે છે કે તે તૌરેત તેમની વચ્ચે ફેંસલો કરે ત્યારે તેઓ માંહેનું એક ટોળું મોઢું ફેરવી પાછું ચાલ્યું જાય છે.

ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدٰتٍ ۪

وَغَرَّهُمْ فِيْ دِيْنِهِمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٤﴾

(૨૪) આ એ કારણે કે તે લોકો કહે છે કે આગ અમને તો ગણ્યા ગાંઠયા દિવસો સિવાય હરગિઝ અડકશે નહિ, અને જે અસત્ય તેઓ જોડી કાઢતા

હતા તે (અસત્ય) જ તેમને તેમના ધર્મ સબંધી છેતર્યાં છે.

فَكَيْفَ إِذَا جَمَعْنٰهُمْ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۟ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٥﴾

(૨૫) પછી જયારે તે દિવસે કે જે દિવસ વિષે કાંઈ પણ શંકા નથી અમે તેમને ભેગા કરી લઈશું ત્યારે તેમની કેવી (દશા) થશે, અને દરેક જણને તેની કમાઈનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે અને તેમના પર (કોઈ પ્રકારનો) ઝુલ્મ કરવામાં આવશે નહિ.

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ
مِمَّنْ تَشَآءُ ز وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ط بِيَدِكَ الْخَيْرُ ط
اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾

(૨૬) (અય રસૂલ!) કહે કે અય અલ્લાહ! અય સલ્તનતના માલિક! જેને તું ચાહે છે સલ્તનત આપે છે, જેની ચાહે છે (તેની) સલ્તનત ખૂંચવી લે છે અને જેને તું ચાહે છે ઈજ્જત આપે છે અને જેને ચાહે છે તેને તું હલકો પાડે છે; જે કાંઈ પણ તું કરે છે તે સારૂં જ કરે છે; બેશક તું દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

تُوْلِجُ الَّيْلَ فِى النَّهَارِ وَتُوْلِجُ النَّهَارَ فِى الَّيْلِ ۡ وَتُخْرِجُ الْحَىَّ مِنَ
الْمَيِّتِ وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَىِّ ۡ وَتَرْزُقُ مَنْ تَشَآءُ بِغَيْرِ
حِسَابٍ﴿٢٧﴾

(૨૭) તું રાત્રિને દિવસમાં ભેળવી નાખે છે અને દિવસને રાત્રિમાં ભેળવી નાખે છે, તું મરણ પામેલાઓમાંથી જીવતાઓને કાઢી લાવે છે અને જીવતાઓમાંથી મરેલાઓને કાઢે છે, અને જેને ચાહે છે બેહિસાબ રોજી પહોંચાડે છે.

لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ
وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ
تُقٰىةً ؕ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ؕ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ﴿۲۸﴾

(૨૮) મોઅમીનો મોઅમીનોને મૂકી નાસ્તિકોને મિત્ર ન બનાવે, અને જે એમ કરશે તો તેનો અલ્લાહ સાથે કાંઈ સબંધ નથી સિવાય એ હાલતમાં કે તમે તેમના (તરફ)થી કોઈ જાતનો ભય રાખતા હો, અને અલ્લાહ તમને પોતાનાથી જ ડરવાનું ફરમાવે છે; અને (સર્વનું) અલ્લાહ તરફજ પાછું ફરવાનું છે.

قُلۡ اِنۡ تُخۡفُوۡا مَا فِىۡ صُدُوۡرِكُمۡ اَوۡ تُبۡدُوۡهُ يَعۡلَمۡهُ اللّٰهُ ‌ؕ وَيَعۡلَمُ
مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ۝٢٩

(૨૯) (અય રસૂલ!) કહે કે જે કાંઈ તમારા અંતઃકરણોમાં છે તે ચાહે સંતાડો યા તે જાહેર કરો અલ્લાહ તે (સઘળું) જાણે છે; અને જે કાંઈ આસમાનોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે પણ જાણે છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

يَوۡمَ تَجِدُ كُلُّ نَفۡسٍ مَّا عَمِلَتۡ مِنۡ خَيۡرٍ مُّحۡضَرًا ۖۚ وَّمَا عَمِلَتۡ
مِنۡ سُوۡٓءٍ ۚ تَوَدُّ لَوۡ اَنَّ بَيۡنَهَا وَبَيۡنَهٗۤ اَمَدًاۢ بَعِيۡدًا ‌ؕ وَيُحَذِّرُكُمُ
اللّٰهُ نَفۡسَهٗ ‌ؕ وَاللّٰهُ رَءُوۡفٌۢ بِالۡعِبَادِ ۝٣٠

(30) (અને તે દિવસને યાદ રાખો કે) જે દિવસે દરેક શખ્સ જે કાંઈ તેણે (દુનિયામાં) નેકી કરી છે અને જે કાંઈ બદી કરી છે તેને હાજર (થયેલી) જોશે, (ત્યારે બદી કરનાર) ઈચ્છશે કે તેની અને તે દિવસ વચ્ચે કદાચને એક લાંબી મુદ્દત હોત (તો કેવું સારૂં); અને અલ્લાહ તમને તેનાથી ડરતા રહેવાનું ફરમાવે છે; અને અલ્લાહ સર્વે બંદાઓ પર અતિ મહેરબાન છે.

قُلۡ اِنۡ كُنۡتُمۡ تُحِبُّوۡنَ اللّٰهَ فَاتَّبِعُوۡنِىۡ يُحۡبِبۡكُمُ اللّٰهُ وَيَغۡفِرۡ لَـكُمۡ ذُنُوۡبَكُمۡ‌ ؕ وَاللّٰهُ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۳۱﴾

(૩૧) (અય રસૂલ!) કહે કે જો તમે અલ્લાહના બંદાઓ હો તો મારા પગલે ચાલો કે જેથી અલ્લાહ

તમને ચાહે અને તમારા ગુનાહ માફ કરે; અને અલ્લાહ મહાન માફ કરનાર (અને) દયા કરનાર છે.

قُلۡ اَطِیۡعُوا اللّٰہَ وَالرَّسُوۡلَ ۚ فَاِنۡ تَوَلَّوۡا فَاِنَّ اللّٰہَ لَا یُحِبُّ الۡکٰفِرِیۡنَ ﴿۳۲﴾

(૩૨) (અય રસૂલ!) કહે કે તમે અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માનો, પછી જો તેઓ મોઢુ ફેરવી લે તો નિસંશય અલ્લાહ આજ્ઞા નહિ માનનારાઓને (હરગિઝ) દોસ્ત રાખતો નથી.

اِنَّ اللّٰہَ اصۡطَفٰۤی اٰدَمَ وَنُوۡحًا وَّاٰلَ اِبۡرٰہِیۡمَ وَاٰلَ عِمۡرٰنَ عَلَی الۡعٰلَمِیۡنَ ﴿ۙ۳۳﴾

(33) નિસંશય અલ્લાહે આદમ તથા નૂહને અને ઈબ્રાહીમના વંશજોને તથા ઈમરાનના વંશજોને સઘળી દુનિયાવાળાઓ ઉપર ચૂંટી કાઢયા (છે);

ذُرِّيَّةً بَعْضُهَا مِنْ بَعْضٍ ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٣٤﴾

(3૪) કેટલાક એકબીજાના વંશમાંથી અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

اِذْ قَالَتِ امْرَاَتُ عِمْرٰنَ رَبِّ اِنِّيْ نَذَرْتُ لَكَ مَا فِيْ بَطْنِيْ مُحَرَّرًا

فَتَقَبَّلْ مِنِّيْ ۚ اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٣٥﴾

(3૫) (અય રસૂલ ! તે સમયને યાદ કર) જયારે ઈમરાનની સ્ત્રી (હન્ના) એ (અલ્લાહને) અરજ કરી કે અય મારા પરવરદિગાર ! નિસંશય મારા પેટમાં

જે (બાળક) છે તેને મેં (સંસારી જંજાળોમાંથી) મુક્ત કરી તારા માટે અર્પણ કરવાની માનતા કરી છે માટે તું મારા તરફથી (તે) સ્વીકારી લે, બેશક તું જ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

فَلَمَّا وَضَعَتۡهَا قَالَتۡ رَبِّ اِنِّىۡ وَضَعۡتُهَاۤ اُنۡثٰى ؕ وَاللّٰهُ اَعۡلَمُ بِمَا وَضَعَتۡ ؕ وَلَيۡسَ الذَّكَرُ كَالۡاُنۡثٰى‌ ۚ وَاِنِّىۡ سَمَّيۡتُهَا مَرۡيَمَ وَاِنِّىۡۤ اُعِيۡذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيۡطٰنِ الرَّجِيۡمِ ﴿۳۶﴾

(૩૬) પછી જયારે તેણીએ તે (બાળક)ને જન્મ આપ્યો ત્યારે (આશ્ચર્યથી) કહેવા લાગી કે અય મારા પરવરદિગાર ! (હવે હું શું કરૂં) મેં તો આ છોકરી જણી છે; જો કે અલ્લાહ સારી પેઠે જાણતો

હતો કે તેણીએ શું જણ્યું છે; અને(વળી તેણીએ એ પણ અરજ કરી કે) છોકરો છોકરીના જેવો હોતો નથી, અને મેં તેનું નામ મરિયમ પાડયું છે નિસંશય હું તેને તથા તેના વંશને પત્થરથી મારેલા (લાનત પામેલા) શેતાન (ના ફરેબ)થી બચાવવા તારી પનાહમાં આપું છું.

فَتَقَبَّلَهَا رَبُّهَا بِقَبُوْلٍ حَسَنٍ وَّاَنْۢبَتَهَا نَبَاتًا حَسَنًا ۙ وَّ كَفَّلَهَا
زَكَرِيَّا ۚ كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ ۙ وَجَدَ عِنْدَهَا
رِزْقًا ۚ قَالَ يٰمَرْيَمُ اَنّٰى لَكِ هٰذَا ۗ قَالَتْ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ۗ اِنَّ
اللّٰهَ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ۳۷

(૩૭) ત્યારે તેના પરવરદિગારે તેનો માનપૂર્વક સ્વીકાર કર્યો અને તે (બાળા)ને સારી પેઠે ઉછેરી અને અલ્લાહે તેણીને ઝકરીઆ (નબી)ના (વાલીપણામાં) હવાલે કરી દીધી; જયારે જયારે ઝકરીયા તે બાળા (મરિયમને જોવા માટે) મસ્જિદમાં દાખલ થતો ત્યારે ત્યારે તેણીની પાસે કોઈ ખાવાની વસ્તુ (હાજર) જોતો, (આથી) તે (આશ્ચર્ય પામી) પૂછતો કે અય મરિયમ! આ વસ્તુઓ તારી પાસે કયાંથી? તે કહેતી કે તે અલ્લાહ પાસેથી છે; બેશક અલ્લાહ ચાહે તેને બેહિસાબ રોજી અર્પણ કરે છે.

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً
طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿٣٨﴾

(૩૮) (આ જવાબ સાંભળી) ઝકરીયાએ ત્યાંજ પોતાના પરવરદિગાર પાસે દુઆ કરી, અને અરજ કરી કે અય મારા પરવરદિગાર ! મને પણ તારી પાસેથી નેક વંશ (પુત્ર) અર્પણ કર, નિસંશય તું દુઆનો મહાન સાંભળનાર છે.

فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ وَهُوَ قَآئِمٌ يُّصَلِّيْ فِي الْمِحْرَابِ ۙ اَنَّ اللّٰهَ
يُبَشِّرُكَ بِيَحْيٰى مُصَدِّقًۢا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّحَصُوْرًا
وَّنَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿٣٩﴾

(૩૯) હજી તો તે (ઝકરિયા) મસ્જિદમાં (દુઆ કરતો) ઉભો જ હતો (ત્યાં) ફરિશ્તાઓએ તેને અવાજ આપ્યો (અને કહ્યું) કે અલ્લાહ તને યહ્યા (ના પેદા થવા)ની ખુશખબરી આપે છે જે અલ્લાહના કલ્મા (શબ્દ) (અર્થાત ઈસા)ને સત્ય ઠરાવનાર તથા (લોકોનો) સરદાર તથા વાસનાઓથી પાક અને સદાચારી નબીઓમાંહેનો (એક નબી) થશે.

قَالَ رَبِّ اَنّٰى يَكُوْنُ لِىْ غُلٰمٌ وَّقَدْ بَلَغَنِىَ الْكِبَرُ وَامْرَاَتِىْ عَاقِرٌ ؕ قَالَ كَذٰلِكَ اللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ ﴿۴۰﴾

(૪૦) (ઝકરિયાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારે છોકરો કયાંથી થશે જયારે કે હું વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયો છું અને મારી પત્ની ગર્ભધારણ કરવાને શક્તિમાન નથી, ફરમાવ્યું કે અલ્લાહ એવી સ્થિતિમાં (પણ) જે ઈચ્છે છે કરી દે છે.

قَالَ رَبِّ اجْعَلْ لِّيْٓ اٰيَةً ۭ قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا رَمْزًا ۭ وَاذْكُرْ رَّبَّكَ كَثِيْرًا وَّسَبِّحْ بِالْعَشِيِّ وَالْاِبْكَارِ ۝۴۱

(૪૧) (ઝકરિયાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારી (ખાત્રી) માટે કોઈ નિશાની

નક્કી કર; ફરમાવ્યું તારી નિશાની આ છે કે તું ત્રણ દિવસ સુધી લોકો સાથે ઈશારા સિવાય વાતચીત કરી શકશે નહિ; અને (તેના આભારમાં) તારા પરવરદિગારને વધુ પ્રમાણમાં યાદ કર અને સાંજ સવાર તેના ગુણ ગાન ગાતો રહે.

وَاِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ اصْطَفٰىكِ وَطَهَّرَكِ
وَاصْطَفٰىكِ عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ ﴿٤٢﴾

(૪૨) (અને અય રસૂલ! તે સમયને યાદ કર) જયારે ફરિશ્તાઓએ કહ્યું કે અય મરીયમ! અલ્લાહે બેશક તને ચૂંટી કાઢી છે અને તને પવિત્ર બનાવી છે અને તને ઝમાનાની સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ બનાવી છે.

يٰمَرْيَمُ اقْنُتِيْ لِرَبِّكِ وَاسْجُدِيْ وَارْكَعِيْ مَعَ الرّٰكِعِيْنَ ﴿٤٣﴾

(૪૩) માટે અય મરીયમ! (એના આભારમાં) તું તારા પરવરદિગારની ફરમાબરદારી કર અને રૂકુઅ તથા સિજદા કરનારાઓની સાથે રૂકુઅ (અને સિજદા) કર.

ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ ؕ وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ
يُلْقُوْنَ اَقْلَامَهُمْ اَيُّهُمْ يَكْفُلُ مَرْيَمَ ۪ وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ
يَخْتَصِمُوْنَ ﴿٤٤﴾

(૪૪) (અય રસૂલ!) આ અદ્રષ્ય વાતો (માંહેની એક છે કે જે) અમે તને વહી દ્વારા જણાવીએ છીએ; અને મરીયમની દેખરેખ કોણ કરે એ નક્કી કરવા

માટે તેઓ (નદીમાં) પોતાની કલમો નાખતા હતા ત્યારે તું તેમની પાસે હાજર ન હતો, અને જયારે તેઓ (એ વિષે) આપસમાં ઝઘડતા હતા ત્યારે પણ તું તેમની પાસે ન હતો.

اِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ مِّنْهُ ۖ اسْمُهُ الْمَسِيْحُ عِيْسَى ابْنُ مَرْيَمَ وَجِيْهًا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ وَمِنَ الْمُقَرَّبِيْنَ ﴿٤٥﴾

(૪૫) (તે સમયને યાદ કર) જ્યારે ફરિશ્તાઓએ કહ્યું કે અય મરીયમ! નિસંશય અલ્લાહ તને પોતાના એક કલ્મા (શબ્દ ઈસા)ની ખુશખબર આપે છે જેનું નામ મસીહ, (યાને) મરીયમનો પુત્ર,

ઈસા હશે (જે) આલોક તથા પરલોકમાં માનવંત અને (અલ્લાહના) નિકટ બંદાઓ માંહેનો થશેઃ

وَيُكَلِّمُ النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا وَّمِنَ الصّٰلِحِيْنَ ﴿٤٦﴾

(૪૬) અને તે લોકો સાથે તે બાળવય (પારણાં)માં તેમજ વૃદ્ધાવસ્થામાં (પણ સમાન) વાતો કરશે અને તે સદાચારીઓમાંથી હશે.

قَالَتْ رَبِّ اَنّٰى يَكُوْنُ لِيْ وَلَدٌ وَّلَمْ يَمْسَسْنِيْ بَشَرٌ ؕ قَالَ كَذٰلِكِ اللّٰهُ يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰٓى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٧﴾

(૪૭) (આ સાંભળી આશ્ચર્યથી તેણીએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મને બાળક કયાંથી

થશે એવી હાલતમાં કે જયારે કોઈ પુરૂષ મને અડકયો પણ નથી ફરમાવ્યું, આવી સ્થિતિમાં પણ અલ્લાહ જે વસ્તુ ચાહે છે પેદા કરી દે છે; જ્યારે તે કોઈ મામલાનો નિશ્ચય કરી લે છે ત્યારે તેને માત્ર (એટલું જ) કહી દે છે કે ''કુન'' (અર્થાત થા) અને તે થઈ જાય છે.

وَيُعَلِّمُهُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ۝٤٨

(૪૮) અને (અલ્લાહ) તે (ઈસા)ને કિતાબ તથા હિકમત (સારા નરસાની સમજ) અને તવરેત તથા ઈન્જીલનું શિક્ષણ આપશે.

وَرَسُوۡلًا اِلٰى بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ۙ اَنِّىۡ قَدۡ جِئۡتُكُمۡ بِاٰيَةٍ مِّنۡ رَّبِّكُمۡ ۙ
اَنِّىۡۤ اَخۡلُقُ لَـكُمۡ مِّنَ الطِّيۡنِ كَهَیۡـــَٔةِ الطَّيۡرِ فَاَنۡفُخُ فِيۡهِ فَيَكُوۡنُ
طَيۡرًا ۢ بِاِذۡنِ اللّٰهِۚ وَاُبۡرِئُ الۡاَكۡمَهَ وَالۡاَبۡرَصَ وَاُحۡىِ الۡمَوۡتٰى
بِاِذۡنِ اللّٰهِۚ وَاُنَبِّئُكُمۡ بِمَا تَاۡكُلُوۡنَ وَمَا تَدَّخِرُوۡنَ ۙ فِىۡ
بُيُوۡتِكُمۡؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيَةً لَّـكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ۚ‏ ﴿۴۹﴾

(૪૯) અને બની ઈસરાઈલ તરફ એક રસૂલ (બનાવી મોકલશે અને તે કહેશે) કે હું તમારા પરવરદિગાર તરફથી (મારી નબુવ્વતની) નિશાની લઈને આવ્યો છું, હું તમારા માટે પલળેલી માટી (માં)થી પક્ષી જેવો આકાર બનાવીશ પછી તેમાં ફુંકીશ જેથી તે અલ્લાહના હુકમથી (જીવતું જાગતું)

પક્ષી થઈ જશે, અને હું જન્મથી આંધળા તથા કોઢીયાઓને સાજા કરીશ, અને હું અલ્લાહના હુકમથી મરી ગએલાઓને સજીવન કરીશ, અને તમે તમારા ઘરોમાં જે કાંઈ ખાઓ (પીઓ) છો તથા જે કાંઈ સંગ્રહ કરો છો તેની તમને જાણ કરી દઈશ; જો તમે મોમીન હો તો નિસંશય તેમાં તમારા માટે (મારી નબુવતની) નિશાની મોજૂદ છે.

وَمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيَّ مِنَ التَّوْرٰىةِ وَلِاُحِلَّ لَكُمْ بَعْضَ الَّذِىْ حُرِّمَ عَلَيْكُمْ وَجِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ۝٥٠

(૫૦) અને (હું એ માટે આવ્યો છું કે) મારી પહેલાંની તૌરેતને સમર્થન આપું અને એ માટે કે કેટલીક વસ્તુઓ કે જે તમારા ઉપર હરામ કરવામાં આવી છે (તેને) તમારા માટે હલાલ ઠરાવું અને તમારા પરવરદિગાર પાસેથી એક નિશાની (મોઅજિઝો) લઈને આવ્યો છું માટે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

إِنَّ اللَّهَ رَبِّي وَرَبُّكُمْ فَاعْبُدُوهُ ۗ هَٰذَا صِرَاطٌ مُّسْتَقِيمٌ ﴿٥١﴾

(૫૧) બેશક અલ્લાહ મારો પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે જેથી તેની જ ઈબાદત કરો; સીધો માર્ગ એજ છે.

فَلَمَّآ اَحَسَّ عِيْسٰى مِنْهُمُ الْكُفْرَ قَالَ مَنْ اَنْصَارِىْٓ اِلَى اللّٰهِ ؕ

قَالَ الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ اٰمَنَّا بِاللّٰهِ ۚ وَاشْهَدْ بِاَنَّا

مُسْلِمُوْنَ ﴿۵۲﴾

(પર) પછી જયારે ઈસાએ તેમની તરફથી ઈન્કાર અનુભવ્યો ત્યારે તે બોલ્યો કે અલ્લાહના માર્ગમાં મારા મદદગાર કોણ છે ? હવારીઓ બોલ્યા કે અલ્લાહના (દીનના) મદદગાર અમે છીએ, અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા છીએ, અને (અય ઈસા! તું) સાક્ષી રહેજે કે નિસંશય! અમે મુસલમાન (ફરમાબરદાર) છીએ.

رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ
الشّٰهِدِيْنَ۝٥٣

(૫૩) અય અમારા પરવરદિગાર ! તેં જે કાંઈ ઉતાર્યું છે તેના પર અમે ઈમાન લાવ્યા અને અમોએ(તારા) રસૂલનું અનુકરણ કર્યું, જેથી તું (સત્યની) સાક્ષી આપનારાઓની સાથે અમને (પણ) લખી લે.

وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ ۭ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ۝٥٤ۧ

(૫૪) અને તે (યહૂદી)ઓ (ઈસા સાથે) એક ચાલ ચાલ્યા અને અલ્લાહ પણ (તેમની વિરૂદ્ધ) એક

ચાલ ચાલ્યો; અને અલ્લાહ સૌથી શ્રેષ્ઠ ચાલ ચાલનારો છે.

اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسٰٓى اِنِّىْ مُتَوَفِّيْكَ وَرَافِعُكَ اِلَىَّ وَمُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا وَجَاعِلُ الَّذِيْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِيْنَ كَفَرُوْٓا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۚ ثُمَّ اِلَىَّ مَرْجِعُكُمْ فَاَحْكُمُ بَيْنَكُمْ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٥٥﴾

(૫૫) (અને તે સમયને યાદ કર) જયારે અલ્લાહે ફરમાવ્યું કે અય ઈસા ! હું તારી (દુનિયામાં રહેવાની) મુદ્દત પૂરી કરનાર છું અને તને મારી તરફ ઉઠાવી લેનાર છું અને નાસ્તિકોની સંગતથી દૂર રાખી તને પાક પવિત્ર રાખનાર છું અને જે

લોકોએ તારી તાબેદારી કરી છે તેમને કયામત સુધી નાસ્તિકો પર ચઢીયાતા રાખનાર છું, પછી તમો સર્વેનું પાછું ફરવું મારી તરફ થશે પછી (તે દિવસે) તેમાંના જે વિષય સંબંધી તમે મતભેદ કરતા હતા તેમાં હુ તમારી વચ્ચે ચુકાદો આપીશ.

فَأَمَّا الَّذِينَ كَفَرُوا فَأُعَذِّبُهُمْ عَذَابًا شَدِيدًا فِي الدُّنْيَا وَالْآخِرَةِ ۖ وَمَا لَهُمْ مِنْ نَاصِرِينَ ﴿٥٦﴾

(૫૬) પછી જે લોકોએ ઈન્કાર કર્યો છે તેમને દુનિયા તથા આખેરતમાં સખ્ત શિક્ષા કરીશ, અને તેમનો મદદગાર કોઈપણ હશે નહિ.

وَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ اُجُوْرَهُمْ ؕ

وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ۝٥٧

(૫૭) અને જેઓ ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તો (અલ્લાહ) તેમને તેમનો બદલો પૂરેપૂરો આપશે; અને અલ્લાહ ઝુલમગારોને દોસ્ત રાખતો નથી.

ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ مِنَ الْاٰيٰتِ وَالذِّكْرِ الْحَكِيْمِ ۝٥٨

(૫૮) (અય રસૂલ!) અમે તને (અમારી) આયતો તથા આ હિકમતવાળા વર્ણન (કુરઆન)માંથી આ બયાન પઢી સંભળાવીએ છીએ.

إِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ
قَالَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿۵۹﴾

(૫૯) બેશક અલ્લાહની પાસે ઈસાનો દાખલો આદમના જેવો છે; તેને માટીથી પેદા કર્યા પછી તેને ફરમાવ્યું ''થઈ જા'' અને તે થઈ ગયો.

اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُنْ مِّنَ الْمُمْتَرِيْنَ ﴿۶۰﴾

(૬૦) આ ખબર તારા પરવરદિગાર તરફથી સાચી છે માટે તું શંકા કરનારાઓ માંહેનો થજે નહિ.

فَمَنْ حَآجَّكَ فِيهِ مِنْ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا

نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَكُمْ وَنِسَآءَنَا وَنِسَآءَكُمْ وَاَنْفُسَنَا

وَاَنْفُسَكُمْ قف ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾

(૬૧) તથાપિ તે (ઈસા) વિષે જે જ્ઞાન તને મળી ચૂકયું છે તે પછી પણ જે કોઈ તારી સાથે તે (ઈસા)ના સબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને (બોલાવો) અને અમે પોતાના નફસોને બોલાવીએ તથા તમે તમારા નફસોને બોલાવો; પછી આપણે (અલ્લાહ

પાસે) કરગરીને દુઆ કરીએ અને જૂઠું બોલનારાઓ પર અલ્લાહની ફિટકાર કરીએ.

إِنَّ هَٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ ۚ وَمَا مِنْ إِلَٰهٍ إِلَّا اللَّهُ ۚ وَإِنَّ اللَّهَ لَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٦٢﴾

(૬૨) નિસંશય આ સાચું વર્ણન છે, અને અલ્લાહના સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી; અને બેશક અલ્લાહ એજ જબરદસ્ત હિકમતવાળો છે.

فَإِنْ تَوَلَّوْا فَإِنَّ اللَّهَ عَلِيمٌ بِالْمُفْسِدِينَ ﴿٦٣﴾

(૬૩) પછી જો (આ છતાંય) તેઓ મોઢું ફેરવે તો બેશક અલ્લાહ ફિત્નાખોરોને સારી પેઠે જાણે છે.

قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍۢ بَيْنَنَا وَبَيْنَكُمْ اَلَّا
نَعْبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشْرِكَ بِهٖ شَيْـًٔا وَّلَا يَتَّخِذَ بَعْضُنَا بَعْضًا
اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا
مُسْلِمُوْنَ﴿۶۴﴾

(૬૪) (અય રસૂલ!) કહે કે અય કિતાબવાળાઓ ! એક એવી વાત તરફ આવી જાઓ જે અમારી તથા તમારી વચ્ચે સમાન છે (અને તે એ) કે આપણે અલ્લાહના સિવાય કોઈની બંદગી કરીએ નહિ તથા કોઈને તેનો શરીક બનાવીએ નહિ અને અલ્લાહને મૂકી આપણામાંથી કોઈએ બીજાઓને ખુદા માનવા નહિ; આ છતાં જો તેઓ મોંઢું ફેરવી

લે તો કહી દો કે આ (વાત)ના સાક્ષી રહેજો કે અમે તો મુસલમાન છીએ.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ لِمَ تُحَآجُّونَ فِيٓ إِبۡرَٰهِيمَ وَمَآ أُنزِلَتِ ٱلتَّوۡرَىٰةُ وَٱلۡإِنجِيلُ إِلَّا مِنۢ بَعۡدِهِۦٓۚ أَفَلَا تَعۡقِلُونَ ٦٥

(૬૫) અય કિતાબવાળાઓ! ઈબ્રાહીમ સબંધી (જાણી જોઈને) શા માટે તકરાર કરો છો? જયારે તૌરેત અને ઈન્જીલ ઉતારવામાં આવ્યા ન હતાં પણ તે (ઈબ્રાહીમ)ના પછીજ; છતાં તમે સમજતા નથી?

هَٰٓأَنتُمۡ هَٰٓؤُلَآءِ حَٰجَجۡتُمۡ فِيمَا لَكُم بِهِۦ عِلۡمٞ فَلِمَ تُحَآجُّونَ فِيمَا لَيۡسَ لَكُم بِهِۦ عِلۡمٞۚ وَٱللَّهُ يَعۡلَمُ وَأَنتُمۡ لَا تَعۡلَمُونَ ٦٦

(૬૬) અય લોકો ! તમે એજ તો છો કે જેઓ હમણાં જે વિષે થોડું ઘણું જ્ઞાન ધરાવો છો તેના સબંધમાં કજિયો કરતા હતા પછી જે વિષે તમને જ્ઞાન જ નથી તે વિષે શાને લડવા લાગો છો ? અને અલ્લાહ જાણે છે અને તમે જાણતા નથી.

مَا كَانَ اِبْرٰهِيْمُ يَهُوْدِيًّا وَّلَا نَصْرَانِيًّا وَّلٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ؕ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿٦٧﴾

(૬૭) ઈબ્રાહીમ ન યહૂદી હતો ન ખ્રિસ્તી; બલ્કે તે (દ્રઢતાપૂર્વક) એક અલ્લાહને માનનાર મુસ્લિમ હતો; અને મુશરીકો માંહેનો ન હતો.

اِنَّ اَوۡلَى النَّاسِ بِاِبۡرٰهِيۡمَ لَـلَّذِيۡنَ اتَّبَعُوۡهُ وَهٰذَا النَّبِىُّ
وَالَّذِيۡنَ اٰمَنُوۡا ‌ؕ وَاللّٰهُ وَلِىُّ الۡمُؤۡمِنِيۡنَ ﴿۶۸﴾

(૬૮) નિસંશય સઘળા લોકોની સરખામણીમાં ઈબ્રાહીમ (સાથે)નો વધુ સબંધ તે લોકોને છે કે જેઓ તેના અનુયાયી છે અને (ખાસ કરીને) આ નબીને છે તથા તે લોકોને છે કે જેઓ ઈમાન લાવ્યા છે; અને અલ્લાહ સર્વે મોમીનોનો કાર્યસાધક છે.

وَدَّتۡ طَّآٮِٕفَةٌ مِّنۡ اَهۡلِ الۡكِتٰبِ لَوۡ يُضِلُّوۡنَكُمۡ ؕ وَمَا يُضِلُّوۡنَ
اِلَّاۤ اَنۡفُسَهُمۡ وَمَا يَشۡعُرُوۡنَ ﴿۶۹﴾

(૬૯) (અય મુસલમાનો!) કિતાબવાળાઓના એક ટોળાએ ઘણી ઈચ્છા કરી કે તેઓ તમને ગુમરાહ કરે; (પરંતુ ખરી રીતે જોતાં) તેઓ પોતાના સિવાય બીજા કોઈને ગુમરાહ કરતા નથી પણ (તેનું) તેમને ભાન નથી.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ لِمَ تَكۡفُرُونَ بِـَٔايَٰتِ ٱللَّهِ وَأَنتُمۡ تَشۡهَدُونَ ۝٧٠

(૭૦) અય કિતાબવાળાઓ! અલ્લાહની આયતોનો શા માટે ઈન્કાર કરો છો જ્યારે કે તમે પોતે જ (તેની સત્યતાની) સાક્ષી પણ આપી રહ્યા છો.

يَاَهْلَ الْكِتٰبِ لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوْنَ الْحَقَّ
وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٧١﴾

(૭૧) અય કિતાબવાળાઓ ! સત્યને અસત્યની સાથે શા માટે ભેળવી નાખો છો ? અને જાણી જોઈને સત્યને શા માટે સંતાડો છો ?

وَقَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِيْٓ اُنْزِلَ عَلَى
الَّذِيْنَ اٰمَنُوْا وَجْهَ النَّهَارِ وَاكْفُرُوْٓا اٰخِرَهٗ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٧٢﴾ صلے

(૭૨) અને કિતાબવાળાઓના એક ટોળાએ કહ્યું કે ઈમાન લાવનારાઓ પર જે કાંઈ ઉતર્યું છે તેના પર દિવસના પ્રથમ ભાગમાં તમે પણ ઈમાન લાવો અને તેના પાછલા ભાગમાં (તેનાથી) ફરી

જતા રહો (આમ કરવાથી) કદાચને તે (મુસલમાનો) પોતાના ધર્મથી પાછા ફરી જાય.

وَلَا تُؤْمِنُوْٓا اِلَّا لِمَنْ تَبِعَ دِيْنَكُمْ ۭ قُلْ اِنَّ الْهُدٰى هُدَى اللّٰهِ ۙ
اَنْ يُّؤْتٰٓى اَحَدٌ مِّثْلَ مَآ اُوْتِيْتُمْ اَوْ يُحَاۗجُّوْكُمْ عِنْدَ رَبِّكُمْ ۭ
قُلْ اِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ ۚ يُؤْتِيْهِ مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ وَاسِعٌ
عَلِيْمٌ ۝ۚ۷۳

(૭૩) (અને યહૂદીઓ કહે છે કે) જેઓ તમારા ધર્મ અનુસાર ચાલ્યા છે તેમના સિવાય બીજાનું (કહ્યું) માનવું નહિ; (અય રસૂલ!) તું કહે કે નિસંશય (મૂળ) હિદાયત અલ્લાહનીજ હિદાયત છે (અને યહુદીઓએ આપસમાં કહ્યું કે આ પણ માનશો

નહિ) કે જે (ઉમદા ધર્મ) તમને આપવામાં આવ્યો છે તેના જેવો જ બીજા કોઈને પણ આપવામાં આવે અથવા તમારા પરવરદિગારની પાસે તેઓ તમારાથી (ચઢિયાતા રહીને) કાંઈ વાદવિવાદ કરી શકે; (અય રસૂલ!) કહે કે નિસંશય શ્રેષ્ઠતા આપવી અલ્લાહનાજ હાથમાં છે, તે ચાહે છે તેને આપે છે; અને અલ્લાહ મહા ઉદાર (અને) સર્વજ્ઞ છે.

يَّخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝٧٤

(૭૪) તે જેને ચાહે છે પોતાની રહેમત માટે ખાસ ચુંટી કાઢે છે; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

وَمِنْ اَهْلِ الْكِتٰبِ مَنْ اِنْ تَاْمَنْهُ بِقِنْطَارٍ يُّؤَدِّهٖۤ اِلَيْكَ ۚ
وَمِنْهُمْ مَّنْ اِنْ تَاْمَنْهُ بِدِيْنَارٍ لَّا يُؤَدِّهٖۤ اِلَيْكَ اِلَّا مَا دُمْتَ
عَلَيْهِ قَآئِمًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَيْسَ عَلَيْنَا فِي الْاُمِّيّٖنَ
سَبِيْلٌ ۚ وَيَقُوْلُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُمْ يَعْلَمُوْنَ ﴿۷۵﴾

(૭૫) અને કિતાબવાળાઓમાંથી કેટલાક એવા છે કે જો તેમની પાસે તું (નાણાંનો) ઢગ અમાનત રાખે તો તે તને (જ્યારે જોઈએ ત્યારે) પાછો આપી દેશે, અને તેમનામાંથી કેટલાક એવા છે કે જો તું એક દીનાર પણ તેમને સોંપે તો (જ્યાં સુધી) તેમના માથે સતત ઉભો રહી તકાઝો ન કરે ત્યાં સુધી તને પાછો આપશે નહિ; તેનું કારણ આ છે કે

તેઓ કહે છે કે અમારા માથે આ જાહીલોના (અર્થાત મુસલમાનોના) (નાણાં લઈને પાછા ન આપવાના) સબંધમાં કાંઈ ગુનોહ નથી, અને તેઓ જાણી જોઈને અલ્લાહ વિરૂદ્ધ ખોટું બોલે છે.

بَلٰى مَنۡ اَوۡفٰى بِعَهۡدِهٖ وَاتَّقٰى فَاِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُتَّقِيۡنَ‏ ۝٧٦

(૭૬) અલબત્ત જેણે પોતાનો વાયદો પૂરો કર્યો તથા (ગુનાહથી) બચીને ચાલ્યો તો નિસંશય અલ્લાહ (પણ ગુનાહથી) બચનારાઓને દોસ્ત રાખે છે.

إِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَاَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا اُولٰٓئِكَ
لَا خَلَاقَ لَهُمْ فِي الْاٰخِرَةِ وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ وَلَا يَنْظُرُ اِلَيْهِمْ
يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ ۖ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٧﴾

(૭૭) બેશક જે લોકો અલ્લાહને (આપેલા) વાયદા તથા પોતાની સોગંદોના બદલામાં નજીવી કિંમત લઈ લે છે (તેઓ) એજ તો છે કે જેમના માટે આખેરતમાં કાંઈ ભાગ નથી અને ન અલ્લાહ તેમની સાથે વાત કરશે અને ન કયામતના દહાડે તેમને (માયાળુ નજરે) નિહાળશે અને ન તેમને (ગુનાહોની ગંદકીથી) પાક કરશે, અને તેમના માટે દુ:ખભરી સજા છે.